॥ શ્રીજીબાપા  સ્વામીબાપા ॥

**શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પરમ પૂજ્ય**
**શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ વિરચિત**

# *શ્રીહરિ-નાદવંશ-નમનાષ્ટક*

શ્રીજી સર્વાવતારી, અકળિત સઘળાં, દિવ્ય ઐશ્વર્ય ધારે,
પામે લોકો સમાધિ, સહજ સહજમાં, યોગ સાધ્યા વિનાયે;
તેડી જાએ સ્વધામે, નિજદરશન દૈ, ભક્તને અંતકાળે,
કોટી બ્રહ્માંડ કર્તા, નમન નમન હો, આપના પાદ પદ્મે...

અબ્જીબાપા સ્વરૂપે, ભૂપર પુનરપિ, શ્રીજી પોતે પધાર્યા,
સિદ્ધાંતો સ્પષ્ટ કે'વા, નિજનિગમતણા, જ્ઞાન દીવા જલાવ્યા;
મોટા જ્ઞાની સુધ્યાની, અનુભવ કરીને, જેમને સર્વ વંદે,
એવા સુજ્ઞાનદાતા, નમન નમન હો, આપના પાદ પદ્મે...

યોગી ગોપાળબાપા, નિખિલ જગતમાં, સિદ્ધ અષ્ટાંગ યોગે,
આચાર્યોના સુકાની, કરી વૃષતનયે, સ્થાપિયા નિજસ્થાને;
જેના સંકલ્પ માત્રે, ગ્રહગતિ અટકે, વૃષ્ટિ થાયે અકાળે,
શ્રીજી જેવા પ્રતાપી, નમન નમન હો, આપના પાદ પદ્મે...

સ્વામી નિર્ગુણબાપા, નિધડક થઈને, તત્ત્વના બોધ આપ્યા,
આચાર્યો નંદ જેનાં, વચન ઉર ધરી, ભક્તિમાં સિદ્ધિ પામ્યા;
બાપા છે પ્રાણ સૌના,જીવન પણ ખરા, મૂર્તિનાં દાન દે છે,
એવા સદ્‌બોધ દાતા, નમન નમન હો, આપના પાદ પદ્મે...

પ્યારા સદ્‌ગુરુબાપા, અચલ નિડર ને, શુદ્ધ સિદ્ધાંતવાદી,
પોતાના આશ્રિતોને, રસબસ કરવા, સંગ્રહી દિવ્યવાણી;
બાપા કે' સંત આવા, કદીય નવ મળે, શોધતાં સર્વ વિશ્વે,
બાપાને પ્રાણપ્યારા, નમન નમન હો, આપના પાદ પદ્મે...

સ્વામીબાપા પ્રતાપી, હરિવરતુલ જે, સર્વ કલ્યાણ કર્તા,
શ્રીજી આદેશ પામી, અવનીતલ વિશે, ધામથી ગાદી લાવ્યા;
સંતો ને મંડલેશો, મુદભર વદતા, રત્ન છે આ અમારે,
સત્સંગોદ્ધારનારા, નમન નમન હો, આપના પાદ પદ્મે...

શ્રીજી સ્વાંગ પ્રકાશે, વિમલ પીઠવરે, મુક્ત મધ્યે બિરાજે,
ગાદી તે નાદવંશી, સકલ વિબુધ જ્યાં, દર્શને નિત્ય આવે;
માંગલ્યોને વહાવે, નિજજન સહુને, ભક્તિ ને મુક્તિ આપે,
વિશ્વે ના જોડ જેની, નમન નમન હો, ગાદીને પૂર્ણ પ્રીતે...

શ્રીજીબાપાગુરુને, નિશદિન સમરી, જ્ઞાનગંગા વહાવો,
દેશેદેશે વસો જ્યાં, તન મન ધનથી, વારસાને દીપાવો;
ભક્તિના દીપ વિશ્વે, ઝળહળ ઝળકે, શોભતી જ્યાં સુયાદો,
શૂરા થૈને ગુરુનાં, વચન ઉર ધરી, દિવ્ય આશિષ પામો...